આધાર નંબર આજીવન
તમારી ઓળખ બનશે

૩. ૧૫૦ની લાલચમાં ૩. ૫ લાખ ગુમાવ્યા...!!

સે-૧૬માં બેંકની બહારથી ૫ લાખ ભરેલી બેગની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૩૧

શહેરના મધ્ય વિસ્તાર સેકટર-૧૬ ખાતે આઈસીઆઈસીઆઈ બેંકની સામે સર્વિસ રોડ પરથી આજે ધોળે દિવસે રૂ. ૫ લાખ ભરેલી બેગની ઉઠાંતરીનો બનાવ બનવા પામ્યો હતો. ગઠીયાએ અજબની તરકીબ અપનાવીને શેઠને અને ડ્રાઈવરને કામે લગાડી ગાડીમાં મુકેલી રૂ. ૫ લાખ ભરલી બેગ સેરવી લીધી અને રિક્ષામાં બેસીને રફ્ફુ ચક્કર થઈ ગયો હતો. આ ઘટના અંગે સેકટર-૨૧ પોલીસે રૂપિયા ભરેલી બેગ ઉઠાંતરીને ગુનો નોંધી ગઠિયા સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

બનાવની વિગત એવી છે કે શહેરના સેકટર-૩૦ ખાતે રહેતા અશોકભાઈ કિર્તીભાઈ પટેલ આર્ટ ઓફ લીવીંગના મેમ્બર છે. તેમના ગૌ શાળાને લગતા કામ બાબતે આજે બપોરે ડ્રાઈવર ગૌરવને લઈને ફોર્ડ ફીગો ગાડી લઈને તેઓ સે-૧૬ આઈસીઆઈસીઆઈ બેંકમાં રૂપિયા ઉપાડવા આવ્યા હતા. પોતાના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૫ લાખ ઉપાડીને બેંકમાં ભરી એ.ટી. પટેલ પોતાની ગાડીમાં બેઠા એટલામાં એક શખ્સ તેમની પાસે આવીને કહી ગયો કે તમને બેંક મેનેજર પાછા બોલાવે છે. એ.ટી. પટેલે રૂપિયા ભરેલી બેગ ગાડીમાં રાખી અને ગાડીમાંથી બહાર નીકળી પાછા બેંક મેનેજરને મળવા ગયા. તેટલામાં એક શખ્સ ડ્રાઈવર ગૌરવ પાસે આવ્યો અને કહ્યું કે આ ૧૦ રૂપિયાનું બંડલ તમારું નીચે પડી ગયું છે? ગૌરવે રૂ. ૧૦ની પંદર નોટ વાળું બંડલ રોડ પર જોયું અને દરવાજો ખોલીને રૂ.૧૫૦ લેવા બહાર ગયો એટલામાં રૂ. ૫ લાખ ગુમાવી દીધા..! ગૌરવ નોટનું બંડલ લેવા ગાડીમાંથી બહાર નીકળ્યો તેટલામાં ગઠીયો ગાડીનો દરવાજો ખોલીને રૂ. ૫ લાખ ભરેલી બેગની ઉઠાંતરી કરીને દોડીને આગળ ઉભેલી રિક્ષામાં બેસી રફ્ફુચક્કર થઈ ગયો હતો. આ બનાવ અંગે એ.ટી. પટેલની ફરિયાદ લઈ સે-૨૧ પોલીસે ગુનો નોંધી પી.આઈ. મીની જોષેફે ઉંડી તપાસ શરૂ કરી છે.

સીસીટીવી ફુટેજ તપાસવાની કામગીરી પોલીસે આરંભી

બેગ ઉઠાંતરીની ઘટના બાદ સે-૨૧ પોલીસ તથા એલસીબીની ટીમ સે-૧૬ની બેંકમાં પહોંચી ગઈ હતી અને ડ્રાઈવરને સાથે રાખીને સીસીટીવી ફુટેજ તપાસવાનું શરૂ કરી દીધું હતું. બેંકમાં કોણ કોણ રેકી કરતું હતું તે સહીત બહાર કોણ બેગ સેરવી ગયું તેની તપાસ માટે ફુટેજ તપાસાઈ રહ્યા છે. પરંતુ સીસીટીવી લગાડવાના ડાયરેકશન ખોટા હોવાથી ચહેરો કલીયર દેખાતો ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

@ગાંધીનગર

● ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે સાંજે ૬.૩૦ કલાકે પોલીસ વિભાગના અધિકારીઓ કર્મચારીઓ તેમજ હોમગાર્ડના જવાનોને પણ વિશિષ્ટ સેવાઓ બદલ મળેલા ચંદ્રકો અને મેડલો એનાયત કરવાનો કાર્યક્રમ યોજાશે.

કલા ગુર્જરી દ્વારા ગીત-સંગીત 'આજા રે...' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

કલા ગુર્જરી દ્વારા તા. ૨જી એપ્રિલના રોજ રાત્રે ૯.૩૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ફિલ્મ સંગીતના સુવર્ણકાળના પરંતુ અનંતકાળ સુધી સંગીતની દુનિયા પર છવાઈ રહેનાર ગીતોનું 'આજા રે...' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કલા ગુર્જરી દ્વારા તેના નવમા વર્ષના છેલ્લા કાર્યક્રમ તરીકે ફિલ્મ સંગીતના સુવર્ણકાળના પરંતુ અનંતકાળ સુધી સંગીતની દુવિયા પર છવાઈ રહેનારા લોકપ્રિય ગીતોના એક અનોખા અને મનભાવન કાર્યક્રમ 'આજા રે...'નું આયોજન કરાયું છે. લોક હૈયાને સ્પર્શતા અને ખૂબ જાણીતા મહંમદ રફી, મુકેશ, લતા મંગેશકર, આશા ભોંસલે, ગીતાદત્ત, શમશાદ બેગમ, કિશોર કુમાર, હેમંતકુમાર, તલત મહેમુદ, મન્ના ડે સહિતના જાણીતા પાર્શ્વ ગાયકોના કંઠે ગવાયેલા આ ગીતોને ગુજરાતના જાણીતા કલાકારો નીરજ પાઠક, સલીમ મલીક, ચિરાગ દેસાઈ, આનલ વસાવડા, પરીશી વર્મા અને પંકજ પાઠક પ્રસ્તુત કરશે.

કલા ગુર્જરીના સભ્યો માટે યોજાયેલ આ કાર્યક્રમ પહેલા ટાઉનહોલ ખાતે નવા સભ્યો પોતાના નામ નોંધાવી શકશે અને ચાલુ સભ્યો આ દરમિયાન સભ્ય પદ રીન્યુ પણ કરાવી શકશે. જેનો લાભ લેવા કલા ગુર્જરીના પ્રમુખ એન.પી. પટેલે જણાવ્યું છે.

વાતવાતમાં

● શહેરના ખ માર્ગ પર સૌંદર્ય-૪૪૪ ફલેટની સામે સવારે ૧૦ કલાકના અરસામાં છોટા હાથી અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા ચાલક યુવતિને સામાન્ય ઈજા પહોંચી હતી.

● ગાંધીનગરના ચ-૨ સર્કલની પાસેના વન વિભાગની જગ્યામાં સુકા પાંદડામાં આગ લાગી હતી. જેની જાણ વનવિભાગના કર્મચારીઓને થતા તાત્કાલીક દોડી આવ્યા હતા અને સ્થાનિક યુવાનોની મદદ લઈ આગ ઓલવી દીધી હતી.

● શહેરના પોલીસ સ્ટેશનમાં ભાવિ ઉમેદવારોની હું કોઈ ગુનામાં સંડોવાયેલ નથી તેવું સર્ટીફીકેટ લેવા માટે ભારે ભીડ જામી રહી છે.

● ગુજરાત બોર્ડની શાળાઓમાં પરીક્ષાઓ ચાલી રહી છે. જયારે સેન્ટ્રલ બોર્ડની શાળાઓમાં નવું સત્ર શરૂ થવાની તૈયારીમાં છે.

ગાંધીનગરમાં ડાક અદાલત યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં આજે શહેરના ડાક અધિક્ષક એમ.આર.ત્રિવેદીની અધ્યક્ષતામાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શહેરીજનો અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળે પોસ્ટ વિભાગના વિવિધ પ્રશ્નો, સમસ્યાના ઉકેલ માટે રજુઆતો કરી હતી.

ગાંધીનગર શહેરના મધ્યમવર્ગીય નગરજનો મોટેભાગે પોસ્ટ વિભાગની જુદી-જુદી યોજનાઓ બચતોનો લાભ લઈ રહ્યા છે. ત્યારે તેને વધુ સુવિધા મળી રહે તે અંગે રજુઆતો ડાક અદાલતમાં કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, મયુર વ્યાસ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, તથા શાકાભાઈ પટેલ, મકવાણાભાઈએ કોરબેંકીગ બાદ સર્વરનો તથા કનેકટીવીટીનો પ્રશ્ન વારંવાર ઉભો થવા પામે છે. જયારે પોસ્ટ કચેરીમાં હાથ પર નાણા રાખવાની મર્યાદામાં વધારો કરી ગ્રાહકોને રકમ તુરંત ઉપલબ્ધ થાય તે અંગે પણ ડાક અદાલતમાં રજુઆત કરવામાં આવી હતી. આ અંગે ડાક અધિક્ષક એમ.આર ત્રિવેદીએ જણાવ્યું હતુ કે ટપાલ વિતરણ વ્યવસ્થામાં હવે નવા પોસ્ટમેનની ભરતી થવામાં છે અને આવતા દિવસોમાં સ્ટાફ મળશે. પરંતુ હાલના સંજોગોને ધ્યાને લઈ જરુરી સ્થાનિક વ્યવસ્થા ગોઠવવાની ડાક અધિક્ષકે ખાતરી આપી હતી. જયારે સમસ્યાઓને લઈ પણ સ્થળ પર જ કર્મચારીઓને જરુરી સુચનો આપી ગ્રાહકલક્ષી અભિગમ અપનાવવા જણાવ્યું હતું. જયારે સેકટર - ૭ અને ૨૩ ની પોસ્ટ ઓફીસને વધારાનું વધુ એક મકાન ફાળવવા રજુઆતો વર્ષોથી કરવામાં આવી છે. જયારે ગુડા વિસ્તારમાં સ્થાનિક પોસ્ટ ઓફીસ દ્વારા મેગેઝીન, અખબારોની ડીલીવરી ઝડપી બને તેવી વ્યવસ્થા ગોઠવાય તેવી મહામંડળે રજુઆત કરી છે. આ તમામ સમસ્યાઓનું સમાધાન ઝડપી આવશે તેવુ પોસ્ટ અધિક્ષકે જણાવ્યુ હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

ગુડા વિસ્તારમાં ટપાલ વ્યવસ્થા ગતિશીલ બનાવવા શહેર વસાહત મહામંડળની રજુઆત

લેકાવાડા પ્રાથમિક શાળામાં વિદાય સમારોહ યોજાયો

લેકાવાડા પ્રાથમિક શાળાના ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ આજે શાળાના મેદાનમાં ગ્રામજનો તેમજ એસએમસીના સભ્યોની હાજરીમાં યોજવામાં આવ્યો. આ પ્રસંગે ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ 'કભી અલ વિદાના કહેના' ગીતના ગાન ઉપરાંત પોતાના શાળા કાળના અનુભવો અભિવ્યક્ત કર્યા હતા. શાળાના તમામ બાળકોએ હાજર રહી કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો અને શાળાના શિક્ષકોએ પણ પોતાના આ વિદ્યાર્થીઓ સાથેના સંસ્મરણોને વાગોળ્યા હતા. ધો-૭ની બાળાઓએ વિદાય ગીત રજૂ કર્યું હતું. શાળાના તમામ બાળકોને નાસ્તો-આઈસ્ક્રીમ અને કેકથી મોં મીઠું કરાવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા કૃપાબેને વિદાય લઈ રહેલા બાળકોને કુમકુમ તિલક કરી આર્શીવચન પાઠવ્યા હતા.

ઇન્દ્રોડા ખાતે ૯૦૬ વર્ષ જૂના હનુમાનજી મંદિરના પુનઃનિર્માણનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામના સુપ્રસિધ્ધ ઈન્દ્રાણી માતાજીના મંદિરે ૯૦૬ વર્ષ પૂર્વે પ્રગટ થયેલા પુરાણ પ્રસિધ્ધ હનુમાનજી મંદિરના પુનઃ નિર્માણ અને ધ્વજારોહણ કાર્યક્રમનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આજે વહેલી સવારે હિમાલયવાસી પૂ. મહામંડલેશ્વર શ્રી રામશરણગિરિજી મહારાજ (પંચદશનામ અખાડા)ના વરદ હસ્તે ધ્વજારોહણ કરીને મંદિરના આ પુનઃનિર્માણ કાર્યનો આરંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાવિકો, ભક્તો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જીઈબી કોલોનીમાં કિચન ગાર્ડનીંગ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

રાજ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા બાગાયત ખતાના સહયોગથી જીઈબી ગાંધીનગર ખાતે કિચન ગાર્ડનીંગનો વર્કશોપ યોજવામાં આવેલ હતો. જેમાં ૩૦ બહેનોએ ભાગ લીધો હતો. બાગાયત અધિકારીશ્રી, સંસ્થાના અધિકારીશ્રી દ્વારા ઘર આંગણે ટેરેસ, કુંડામાં બાગાયતી વાવેતરથી ઘર પુરતા શાકભાજી મેળવી શકાય તેવી માહિતી માર્ગદર્શન અને પ્રેકટીકલ જ્ઞાન આપવામાં આવેલ હતું તેમ રાજ ફાઉન્ડેશનના નિયામકશ્રી ભૃગેશ એસ. વ્યાસે જણાવ્યું છે.

શારદા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩૧

રાજ શિક્ષણ સંકુલમાં રાજ સ્કુલ, શારદા વિદ્યાલય, શેઠ શ્રી બી.બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ ઉજવાઈ ગયો. મુખ્ય મહેમાન પદે શ્રી ડી.ટી. પટેલ ચેરમેનશ્રી ગાંધીનગર નાગરિક અર્બન બેંક લી. તથા બ્રહ્માકુમારી હંસાબેન, પારૂલબેન તથા વિપુલભાઈ (અદાણી કંપની) હાજર રહ્યા હતા. સંચાલકશ્રી બાબુભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી શારદાબેન પટેલ હાજર રહ્યા હતા.

દીપ પ્રાગટય કરીને શાળાની બાલિકાઓ દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી હતી. સ્વાગત ગીત અભિનય સાથે રજૂ કરવામાં આવ્યું હતું. કેજીના બાળકો દ્વારા વેશભૂષા રજુ કરાઈ હતી. મહેમાનો દ્વારા રૂ. ૧૦૦૧નું ઈનામ બાળકોને આપવામાં આવ્યું હતું. તેમજ તમામ ધોરણના બાળકોએ ગીતો, બ્રેકડાન્સ, નાટક વિ. રજુ કર્યા હતા.

મુખ્ય મહેમાનશ્રી ડાહ્યાભાઈ ટી. પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે શિક્ષકો વિદ્યાર્થીઓનું કોમ્પ્યુટર જેવું ઘડતર કરી રહ્યા છે. સંચાલકશ્રી બાબુભાઈ પટેલ, આચાર્યશ્રી અશ્વિનભાઈ પટેલે કાર્યક્રમ યોજવા બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

આવતીકાલે ટાઉનહોલ ખાતે અનોખો ટેલેન્ટ શો યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા આર્થિક રીતે નબળા પરિવારના બાળકો જીવનમાં પગભર થઈ શકે તે માટે શહેરના કેટલાક સેવાભાવી યુવનોએ તા. ૩જી ઓકટોબર ૨૦૧૫ના રોજ એક પ્રતિભા શોધ પરીક્ષાનું આયોજન કર્યું હતું. આ પરીક્ષામાં શહેરની૩૨ પ્રાથમિક શાળાના આશરે ૪૮૦૦ બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાના વિજેતા બાળકોની પ્રતિભા સમાજ સમક્ષ મુકવા સાથે સ્પર્ધાનું પરીણામ જાહેર કરી બાળકોને સન્માનવા આ યુવાન દ્વારા તા. ૨જી એપ્રિલે સવારે ૯ કલાકે ટાઉનહોલ ખાતે ટેલેન્ટ શોનું આયોજન કર્યું છે. આ કાર્યક્રમમાં ૩૦ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

સપોર્ટ ફોર કિડઝ એન્ડ યુથ એટલે કે સ્કાય ગ્રૂપ સંસ્થાના યુવાનો સચિન ઠકકર, વ્યોમ અમીન, હુસૈન પટેલ, વિશાલ પટેલ અને પ્રતિક જાની દ્વારા શહેરના નબળા વર્ગના બાળકોની પ્રતિભા શોધી તેને બહાર લાવવાનું ઉમદા કાર્ય કરાઈ રહ્યું છે. તેમનો ઉદ્દેશ છે કે શ્રમજીવી પરિવારના બાળકોને મજૂરી કરવી ના પડે કે કોઈ સામે હાથ ના લંબાવવો પડે તથા તેઓ પણ નિયમિત સ્કૂલે જાય આ માટે તેમણે પ્રતિભા શોધ સ્પર્ધા યોજી હતી. આ સ્પર્ધાના પરિપાકરૂપે 'ટેલેન્ટ શો'નું આયોજન કરાયું છે. આ કાર્યમાં જાણીતા કટારલેખક સંજય થોરાત યુવાનોના માર્ગદર્શકની ભૂમિકા ભજવી રહ્યા છે.

કાર્યક્રમમાં સૂર્ય નમસ્કાર, દુર્ગાપૂજા, અભિનય, એનિમેશન, વ્હીસલ સિંગીગ, ડ્રામા સંગીત,-ફયુઝન સંગીત, ગ્રૂપ ડાન્સ, સોલો ડાન્સ તથા સેન્સર કાર જેવી બાળકોની હીડન ટેલેન્ટ પ્રસ્તુત કરાશે. આ સાથે બાળકો દ્વારા વેસ્ટમાંથી બેસ્ટ રૂપે તૈયાર કરાયેલ હેન્ડીક્રાફટ વસ્તુઓનું પ્રદર્શન પણ યોજાશે. આ ટેલેન્ટ શોમાં નગરજનોને ખુલ્લુ આમંત્રણ આપતા યુવાનોએ આર્થિક રીતે નબળા બાળકોને મદદરૂપ થવા માંગતા દાનવીરોને સ્કાય ગ્રૂપનો સંપર્ક સાધવા અનુરોધ કર્યો છે.

સ્કાય ગ્રૂપ દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના બાળકોના ટેલેન્ટ શોનું આયોજન : સાયકલ અને સ્કૂલબેગ આપી બાળકોનું સન્માન કરાશે

બાવન વાંટા રાજપૂત સમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૩૧

બાવન વાંટા રાજપુત સમાજ પરિવાર અમદાવાદ અને ગાંધીનગર દ્વારા આગામી તા. ૩ એપ્રિલને રવિવારના રોજ સવારે ૯.૧૫થી ૧.૦૦ કલાક દરમિયાન સેકટર-૧૨, રાજપૂત ભવન ખાતે સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના બાળકોને ઈનામ પણ વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે ધારાસભ્ય બલવંતસિંહ રાજપુત, પ્રો. કિશોરસિંહ સોલંકી તેમજ સમાજના અગ્રણીઓ, પદાધિકારીઓ અને સમાજના તમામ પરીવારો મોટી સંખ્યામાં હાજર રહેશે.

આધાર નંબર આજીવન તમારી ઓળખ બનશે

ગાંધીનગર, તા.૩૧

આધાર કાર્ડ એ યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા અપાતો ૧૨ આંકડાનો વ્યકિતગત ઓળખનો નંબર છે. આ નંબર આબાલ વૃદ્ધ દરેક વ્યકિત માટે ઓળખ અને સરનામાના પુરાવા તરીકે ભારતમાં કોઈ પણ સ્થળે ચાલી શકે છે તે માટે આધારકાર્ડ હોવું જરૂરી છે. આધારકાર્ડ માટે ઉપયોગી-જરૂરી દસ્તાવેજો માટેની સંખ્યા વધુ મોટી છે. જેનો ઉપયોગ નાગરીકો આધારકાર્ડ કઢાવવા માટે કરી શકે છે.

આધાર કાર્ડની નોંધણી માટે ઓળખાણના પુરાવા તરીકે પાસપોર્ટ, રેશનકાર્ડ, ચૂંટણી ઓળખપત્ર, ડ્રાઈવીંગ લાઈસન્સ, ફોટાવાળુ સરકારી ઓળખપત્ર, નરેગા જોબકાર્ડ, માન્ય શૈક્ષણિક સંસ્થા દ્વારા અપાયેલું ફોટાવાળુ ઓળખપત્ર, હથિયારનો પરવાનો, ફોટાવાળુ બેન્ક્કાર્ડ, ફોટાવાળુ પેન્શનર કાર્ડ, ફોટાવાળુ ક્રેડિટ કાર્ડ, ફોટાવાળુ સ્વાતંત્ર્ય સૈનિકનું કાર્ડ, ટપાલખાતા દ્વારા આપવામાં આવેલ નામ તથા ફોટાવાળુ સરનામાનું કાર્ડ, રાજયપત્રિત અધિકારી દ્વારા તેમના લેટરહેડ ઉપર આપવામાં આવેલું ફોટાવાળુ ઓળખનું પ્રમાણપત્ર રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના કાર્ડ સ્વીકારવામાં આવશે.

આધાર કાર્ડની નોંધણી માટે સરનામાના પુરાવા તરીકે બેન્ક સ્ટેટમેન્ટ/પાસબુક, પોસ્ટ ઓફીસ ખાતા સ્ટેટમેન્ટ/પાસબુક, રેશનકાર્ડ, પાસપોર્ટ, મતદાર કાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, ફોટાવાળુ સરકારી ઓળખપત્ર, વીજળી બીલ, ટેલિફોન બીલ, મિલ્કતવેરાની રસીદ, ક્રેડિટકાર્ડનું સ્ટેટમેન્ટ, વિમાની પોલીસી, બેંકના લેટરહેડ કે રજિસ્ટર્ડ કંપનીના લેટરહેડ પર લખાયેલા ફોટાવાળો તથા યોગ્ય અધિકારીની સહીવાળો પત્ર, આવકવેરા આકારણીનો હુકમ, રજીસ્ટર્ડ કરવામાં આવેલ વેચાણ/લીઝ કે ભાડાના કરાર, ટપાલ ખાતા દ્વારા આપવામાં આવેલ નામ તથા ફોટાવાળું સરનામાનું કાર્ડ, જ્ઞાતિ તથા નિવાસનું રાજય સરકાર દ્વારા આપવામાં આવેલું ફોટોવાળુ પ્રમાણપત્ર, ગ્રામ પંચાયતના વડા કે તેમના સમકક્ષ સત્તાધિકારી દ્વારા અપાયેલું સરનામાનું પ્રમાણપત્ર, રાજયપત્રિત અધિકારી-સંસદ સભ્ય કે ધારાસભ્ય દ્વારા તેમના લેટરહેડ પર આપવામાં આવેલ સરનામાનું પ્રમાણપત્ર, સ્વાતંત્ર્ય સૈનિકનું કાર્ડ, પેન્શનર કાર્ડ, હથિયારનો જોબ કાર્ડ, નરેગા જોબકાર્ડ, માન્ય શૈક્ષણિક સંસ્થાના લેટરહેડ પર ફોટાવાળો સહી કરેલ પત્ર, વાહન નોંધણી પ્રમાણ પત્ર પણ સ્વીકારી શકાશે.

આ કાર્ડની નોંધણી માટે જન્મ તારીખના પુરાવા તરીકે જન્મ પ્રમાણ પત્ર, પાસપોર્ટ, માધ્યમિક શાળા છોડયાનું પ્રમાણપત્ર, વર્ગ-૧ના રાજયપત્રિત અધિકારી દ્વારા ઉપલબ્ધ રેકર્ડના આધારે આપવામાં આવેલું જન્મ તારીખનું પ્રમાણપત્ર, પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર તેમજ સંબંધ માટેના પુરાવા તરી રેશન કાર્ડ, આરોગ્ય કાર્ડ, પેન્શન કાર્ડ, નરેગા જોબકાર્ડ, આર્મી કેન્ટીન કાર્ડ, પાસપોર્ટ, જન્મ પ્રમાણપત્ર, કેન્દ્ર/રાજય સરકાર દ્વારા કુટુંબને મળવા પાત્ર લાભો માટે આપવામાં આવેલ અન્ય દસ્તાવેજ સહિતના તમામ પુરાવા સ્વીકારવામાં આવશે.

સેકટર-૮ ખાતે આધારકાર્ડ કેમ્પ શરૂ

સેકટર-૮ વસાહત મંડળના સહયોગથી સેકટરના શ્રી ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે તા. ૩૦મી માર્ચથી તા. ૫મી એપ્રિલ સુધી આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન યોજાશે. સેકટરના તમામ વસાહતીઓને 'આધારકાર્ડ' કેમ્પનો લાભ લેવા મંડળના પ્રમુખ નિલેશભાઈ પટેલે જણાવ્યું છે.

નર્મદા નિગમ મુખ્ય કચેરીમાં ફરજ બજાવતા અશોકભાઈ કે. પટેલ વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં કે.બી. પરમાર તથા અન્ય અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે તેમનું નિવૃત્ત જીવન તથા દીર્ઘ આયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમમાં મંથન ભટ્ટ, આઈ.જે. રાઠોડ, કે.એમ. જાની, પી.કે. શાહ, વી.એચ.દેસાઈ, જીકુ તડવી, બી.ડી. તડવી તથા અન્ય કર્મચારીગણે હાજર રહી જહેમત ઉઠાવી હતી.

ચિરવિદાય

- સ્વ. પટેલ મધુબેન છોટાભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. જીણાભાઈ મેરામભાઈ પરમાર, ઉ.વ. ૭૦
- સ્વ. નર્મદાબેન હરગોવનદાસ ઠકકર, ઉ.વ. ૮૪
- સ્વ. રમતુજી તખુજી સોલંકી, ઉ.વ. ૭૫